# હોઠ મલકાયા અને છલકાઈ આંખ, કંઈ નથી આ ચાહવાનો કેફ છે!

## સ્પંદન

નિરંજન યાજ્ઞિક

વેસ્મા ગામ નાનકડું પણ રળિયામણું. દક્ષિણ ગુજરાતના એ ગામમાં પચરંગી વસ્તી. સુરત અને નવસારીથી બહુ દૂર નહીં એટલે નાનકડા ગામમાં શહેરની સુવિધાઓ ઉપલબ્ધ હતી.

કનકભાઈ સવારે દુકાને જવા નીકળ્યા ત્યારે એમની દીકરી સીમા બારણાં પાસે આવી.

“પપ્પા” સીમાએ ધીમેથી કહ્યું, “આજે શાળામાં ફી ભરવાની છે, મને સો રૂપિયા આપો ને?”

કનકભાઈએ ખિસ્સામાંથી સો રૂપિયાની નોટ કાઢીને સીમાના હાથમાં મૂકી.

“બોલ બેટા,’’ કનકભાઈએ હાસ્યસહ પૂછ્યું, “હવે બીજું કંઈ જોઈએ છે?”

“ના પપ્પા,” સીમા બોલી, “હવે હું પણ શાળાએ જવા નીકળું જ છું.’’

સીમા ઝડપથી સાઈકલ લઈને માધ્યમિક શાળાએ જવા નીકળી. દસમા ધોરણમાં હતી એટલે એને એક પણ PHARMA પિરિયડ છૂટે એ ગમતું નહીં ને એટલે જ એ ઘેરથી સમયસર શાળાએ આવી જતી. જેવી એ શeળાએ પહોંચી કે તરત જ એની ખાસ બહેનપણી રેહાના એની પાસે આવી ગઈ.

“સીમા,” રેહાનાએ એને ભેટી પડતાં પૂછ્યું, “ફી લેતી આવી છે ને?”

“લાવી છું રેહાના,” સીમા બોલી, “મારા પચાસ રૂપિયા અને તારા પચાસ રૂપિયા લાવી છું. ચાલ, ફી ભરતા આવીએ.”


રેહાના એની સામે જોઈ રહી.

“સીમા,” રેહાના બોલી, “તું કેટલી બધી મદદ કરે છે મને! ફી તો ઠીક પણ મને કપડાંના ને વાપરવાના પૈસા પણ આપે છે.” “બોલીશ નહીં,” સીમા બોલી, “એ તો મારી ફરજ છે. આપણે બહેનપણીઓ છીએ, ખાસ સખીઓ છીએ, એમાં વચ્ચે પૈસાની વાત ક્યાંથી આવે? અને તારી પરિસ્થિતિ હું જાણું છું. તારા પપ્પા રિક્ષા ચલાવે છે ને તારી મમ્મી લોકોનાં કપડાં સીવે છે ત્યારે તમારું ઘર ચાલે છે. હા, તારો ભાઈ જાવેદ હમણાં ક્યાંક ગેરેજમાં નોકરીએ લાગ્યો છે એટલે એના પૈસા આવતા હશે. મારે તો પપ્પા દુકાનમાંથી ઘણું કમાય છે એટલે હું તને આપું છું. આ કોઈ ઉપકાર નથી, સખીપણું છે, સમજી?”

“હમણાં તો પાછું મમ્મીને આંખનો પ્રોબ્લેમ છે,” રેહાના બોલી, “એને હવે સોય પરોવવામાં તકલીફ પડે છે એટલે વધુ કપડાં સીવી શકતી નથી અને પપ્પાને પણ હવે ગામમાં ગાડીઓ વધી ગઈ છે એટલે રિક્ષામાં પણ પહેલાં જેવી આવક નથી થતી. આ તો જાવેદ ગેરેજમાં કામે લાગ્યો એટલે ઠીકઠાક ચાલે છે.” “સાંભળ,” સીમા બોલી, “મને યાદ આવ્યું, આ રવિવારે સ્વામીનારાયણ ટ્રસ્ટ તરફથી આઈ કેમ્પ છે. એમાં આંખોની તપાસ થશે, મોતિયાનું ઓપરેશન અને બીજી કોઈ તકલીફ હશે તો એનો પણ ઈલાજ તદ્દન મફતમાં કરવાના છે. મારા પપ્પા એના મેમ્બર છે એટલે તારી મમ્મીનું નામ લખાવી દઈએ અને રવિવારે બતાવી દઈએ.” “સારું,” રેહાના બોલી, “મારા પપ્પાને હું આજે સાંજના એ આવે એટલે વાત કરીશ ને એ હા પાડે તો કાલે મંગળવારે જ નામ લખાવી દઈશું.” એ દિવસે તો બન્નેની ફી ભરાઈ અને કલાસ ભરીને બન્ને ઘેર ગયાં. બીજા દિવસે સીમા સ્કૂલમાં રેહાના પાસે આવી. “શું કહ્યું તારા પપ્પાએ?” સીમાએ પૂછ્યું, “નામ લખાવવું છે ને તારી અમ્માનું?”

“મારા પપ્પા ના પાડે છે,” રેહાના બોલી, “એ કહે છે કે એ તો હિન્દુઓ માટેનો કેમ્પ છે, અને સ્વામીનારાયણ નામ છે એટલે ધર્મનું જ કૈંક હશે, એમાં આપણે ન જવાય.”

“અરે મૂરખી” સીમા હસી, “એ કેમ્પમાં જ્ઞાતિ જોવાની નથી, દરેક ધર્મના લોકોની આંખો તપાસવાની છે ને સારવાર કરવાની છે. એમાં કોઈ ધર્મ નથી આવતો. ચાલ, હું છૂટીને તારી સાથે તારા ઘેર આવું છું. હું તારા પપ્પાને સમજાવીશ.” સાંજના સીમા રેહાનાની સાથે એના ઘેર ગઈ ત્યારે રેહાનાના પપ્પા અબ્દુલભાઈ અને જાવેદ બન્ને ઘેર જ હતા. “શું અબ્દુલકાકા,” સીમા બોલી, “આ કેમ્પ બધા ધર્મ માટે છે. તમે શા માટે ના પાડો છો? તમારાથી પણ જવાય અને હું પણ એ દિવસે જુબેદાકાકી સાથે જ રહીશ. તમે ચિંતા ન કરો, આજે હું જ જુબેદાકાકીનું નામ લખાવી દઈશ.” થોડી વાતચીત પછી અબ્દુલભાઈ સંમત થયા અને સીમાએ ઘેર જઈને એના પપ્પાને કહી જુબેદાબહેનનું નામ લખાવી દીધું. રવિવારે સીમા, રેહાના ને જુબેદાબહેન



રિક્ષામાં બેઠાં અને જાવેદે રિક્ષા હોસ્પિટલ સુધી પહોંચાડી દીધી. અહીં જ કેમ્પસમાં આઈ કેમ્પ હતો. કનકભાઈ પણ હતા એટલે સીમાને કોઈ ચિંતા ન હતી. બપોરનું જમવાનું સંસ્થા તરફથી જ હતું. જમ્યા પછી ડૉક્ટરે જુબેદાબહેનને તપાસ્યાં.

“એમની બન્ને આંખમાં મોતિયો છે,” ડૉક્ટરે કહ્યું, “એટલે આજે જ બન્ને આંખનું ઓપરેશન કરી નાખીએ.”

“તમને ઠીક લાગે એમ કરો સાહેબ,” કનકભાઈ એ જ વખતે આવ્યા અને બોલ્યા, “આ મારા સંબંધીઓ છે એટલે સરસ ઓપરેશન કરજો.” “હમણાં જ ઓપરેશન

જાવેદે રિક્ષા ગામની વચ્ચે આવેલી જુમા મસ્જિદ પાસે ઊભી રાખી. “ચાલ,” જાવેદ બોલ્યો, “મારી સાથે અંદર ચાલ.” સીમા જાવેદ સાથે અંદર ગઈ, તો એક મૌલવી બેઠા હતા. જાવેદ એમની પાસે ગયો. એ પછી એણે સીમા સામે જોયું.

શરૂ થશે,” ડૉક્ટર બોલ્યા, “જુબેદાબહેનનો વારો પણ તરત જ આવશે. હા, આજે ઓપરેશન છે એટલે આજે એમને અહીં રોકાવું પડશે, કાલે સવારે એમની આંખો તપાસીને રજા આપીશું.” “કંઈ વાંધો નહીં,” સીમા બોલી, “હું અને રેહાના અહીં રહીશું ને કાકીને રજા આપે પછી જ ઘેર જઈશું.” બપોરે જાવેદ બહાર લારી પરથી ચા લઈ આવ્યો. “લે રેહાના,” એણે ચાનો કપ રેહાનાને આપતાં કહ્યું, “આ તારા માટે અને સીમા માટે.”

“વાહ દોસ્ત” સીમા બોલી, “ખરેખર અત્યારે ચાની જરૂર હતી ને તું લઈ આવ્યો. આવા દોસ્ત મને ગમે.” “હું તને ગમું છું?” જાવેદ હસ્યો. “એ ગાંડા” સીમા હસી, “તું મારો દોસ્ત છે એટલે ગમે છે સમજ્યો, બીજું કંઈ ના વિચારતો.” “ભલે,” જાવેદ બોલ્યો, “પણ તું તો મને ગમે છે.” હજી આ લોકો વાતો કરતા કરતા ચા પીતાં હતાં ત્યાં જ જુબેદાબહેનનું ઓપરેશન પૂરું થયું અને એમને બહાર લાવ્યાં અને હોલમાં લઈ ગયાં.

“સરસ ઓપરેશન થઈ ગયું છે,” ડૉક્ટરે બહાર આવીને સીમાને કહ્યું, “તારા પપ્પાને કહેજે, ચિંતા ન કરે.” જાવેદ ઘેર ગયો ને સીમા અને રેહાના એ રાતે જુબોદાબહેન પાસે જ રહ્યાં. સવારે નવેક વાગ્યે ડૉક્ટર આવી ગયા ને બધા મોતિયાવાળા દર્દીઓને તપાસવાના શરૂ કરી દીધા. જુબેદાબહેનની આંખો તપાસીને એમણે સંતોષ વ્યક્ત કર્યો. ચશ્મા ને આંખનાં ટીપાં આપીને એમણે જુબેદાબહેનને રજા આપી. જાવેદ આવી જ ગયો હતો એટલે ત્રણેયને એ રિક્ષામાં ઘેર લઈ ગયો. રેહાનાએ ચા બનાવી ને એ પીધા પછી જાવેદ રિક્ષામાં સીમાને એના ઘેર મૂકી આવ્યો.

એ પછી તો જાવેદ અવાર-નવાર સીમાને મળતો. એને માટે ક્યારેક પર્સ ને પેન એવું બધું લેતો આવતો ને રેહાના સાથે મોકલતો. એક વાર સીમા સ્કૂલેથી સાઈકલ પર ઘેર આવતી હતી ત્યાં જ રસ્તામાં જાવેદ એને મળ્યો.

‘‘કેમ અહીં ઊભો છે જાવેદ?” સીમાએ સાઈકલ પર બેઠાં બેઠાં જ પૂછ્યું. “તને મળવા માટે જ ઊભો છું સીમા,” જાવેદ બોલ્યો, “તારી સાથે વાત કરવી છે એટલે અહીં ઊભો રહ્યો.”

‘‘શું વાત કરવી છે જાવેદ ?” સીમાએ પ્રશ્નભરી નજર એના તરફ ફેંકી. ‘‘સીમા,” જાવેદ બોલ્યો, “રેહાના તારી સખી છે, તું મારી અમ્માને કાકી કહે છે, મારા અબ્બાને કાકા કહે છે તો હવે આ સંબંધ હજી આગળ વધારવાની મારી ઈચ્છા છે, એની વાત કરવા માટે હું અહીં ઊભો છું.”

“પણ વાત શું છે જાવેદ?” સીમાએ પૂછ્યું.

“આપણે શાદી કરી લઈએ તો કેવું રહે?” જાવેદે સીમાની આંખમાં આંખ પરોવીને પૂછ્યું.

“ગાંડો થયો છે જાવેદ?” સીમા બોલી, “તારો ને મારો ધર્મ જુદો છે એટલે સમાજ એ નહીં સ્વીકારે. તું મને ગમે છે પણ મિત્ર તરીકે અને એ પણ રેહાનાના લીધે. તમારું કુટુંબ સારું છે પણ શાદીબાદીની વાત છોડ. તું મારો સારો મિત્ર છે ને મિત્ર તરીકે જ રહેજે.”

આટલું કહીને સીમાએ સાઈકલ ઘર તરફ લીધી.

ચારપાંચ દિવસ પછી એક સવારે જાવેદ રિક્ષા લઈને સીમાના ઘેર સવારમાં આવ્યો. સીમા શાળાએ જવા તૈયાર થતી હતી. એ જેવી બહાર આવી કે તરત જાવેદે એને બારણાં પાસેથી જ રિક્ષામાં બેસાડી.

“થોડું કામ છે,” જાવેદ બોલ્યો, “એટલે મારી સાથે ચાલ.” બારણાંમાંથી કનકભાઈ અને સીમાની મમ્મી આ જોઈ રહ્યાં હતાં. લગભગ એક કલાક થયો પણ સીમા પાછી ન આવી એટલે એમને ચિંતા થઈ.

જાવેદે રિક્ષા ગામની વચ્ચે આવેલી જુમા મસ્જિદ પાસે ઊભી રાખી. “ચાલ,” જાવેદ બોલ્યો, “મારી સાથે અંદર ચાલ.” સીમા જાવેદ સાથે અંદર ગઈ, તો એક મૌલવી બેઠા હતા. જાવેદ એમની પાસે ગયો. એ પછી એણે સીમા સામે જોયું. “તને ધર્મનો વાંધો છે ને સીમા?” જાવેદ બોલ્યો, “તો આજે તારું ધર્મપરિવર્તન કરાવી દઈએ અહીં અને મૌલવીસાહેબ આપણી શાદી પણ કરાવી દેશે.” “ધર્મપરિવર્તન?” સીમા ચમકી, “એવું ન થાય ગાંડા, એ રીતે શાદી પણ ન કરાય.”

આમ છતાં જાવેદ પરાણે એને મૌલવી પાસે લઈ ગયો. “મૌલવીસાહેબ,” જાવેદે કહ્યું, “મેં તમને કહ્યું હતું એમ આનું ધર્મપરિવર્તન કરાવીને એની સાથે મારી શાદી કરાવી દો.” “બેટી,” મૌલવીસાહેબ બોલ્યા, “તને આ બધું કબૂલમંજૂર છે?”

“ના જી,” સીમા બોલી, “હું ધર્મપરિવર્તન પણ નથી કરવાની ને શાદી પણ નથી કરવાની. જાવેદ તો મારો મિત્ર છે પણ ગાંડો છે કે મને અહીં લઈને આવ્યો.”

“જાવેદ,” મૌલવીસાહેબ બોલ્યા, “આ રીતે કોઈની શાદી ન કરાવી શકાય કે ધર્મપરિવર્તન પણ ન કરાવી શકાય. અલ્લાહ મને માફ ન કરે. તમે બન્ને પાછા જાવ.”

એ પછી તો જાવેદ ક્યાંય સુધી સીમાને સમજાવતો રહ્યો.

એ દરમ્યાનમાં કનકભાઈએ અબ્દુલભાઈને ફોન જોડીને જાવેદ સીમાને ક્યાંક લઈને જતો રહ્યો છે એવી વાત કરી એટલે અબ્દુલભાઈ સીધા પોલીસસ્ટેશને ઊપડ્યા. “સાહેબ” એમણે પોલીસસ્ટેશને જઈને કહ્યું, “મારો છોકરો એક હિન્દુ છોકરીને લઈને ક્યાંક ગયો છે, તમે તપાસ કરો ને જો એ મળે તો એને કાં તો શૂટ કરી દેજો, કાં તો ફાંસીએ ચડાવી દેજો.”

આટલું કહીને એ સીધા કનકભાઈના ઘેર ગયા ને દીકરાના ચાલ્યા જવા બદલ માફી માફી.

સીમા સાથે લમણાંઝીંક કરીને થાક્યો ને છેવટે જાવેદ હાર્યો. “ સારું,” જાવેદ ઊભો થતાં બોલ્યો, “આપણે મિત્રો જ રહીશું, બસ? ચાલ, તને ઘેર મૂકી જાઉં. હવે આપણે મિત્રો જ રહીશું.”

જાવેદ રિક્ષા લઈને સીમા સાથે એના ઘેર ગયો ત્યારે અબ્દુલભાઈ, કનકભાઈ ને સીમાની મમ્મી ચિંતાતુર ચહેરે બેઠાં હતાં ને એ વખતે રેહાના પણ આવી ચડી. “અંકલ,” જાવેદે કહ્યું, “હું સીમાને લઈ ગયો હતો પણ મૌલવીસાહેબે ના પાડી એટલે શાદી નથી કરી, મારી ભૂલ થઈ ગઈ કે મેં આવું કર્યું. મને માફ કરો.’’

આટલું કહીને એ કનકભાઈના પગમાં પડી ગયો.

“ઊભો થા જાવેદ,” કનકભાઈ બોલ્યા, “તું નાદાન છે એટલે માફ કરું છું પણ હું અબ્દુલભાઈને કહું છું કે, તારા માટે સરસ કન્યા શોધીને તારી જલ્દી જલ્દી શાદી કરાવી દે.” સીમાએ ચા બનાવી ને ચા પીને અબ્દુલભાઈ, રેહાના અને જાવેદ એમના ઘેર ગયાં. વીસ જ દિવસમાં અબ્દુલભાઈએ જાવેદ માટે સ્વરૂપવાન કન્યા શોધી કાઢી. લગ્ન માટે ઊછીના પૈસાની જરૂર હતી એ સીમાએ કનકભાઈ પાસેથી અપાવ્યા.

શાદીમાં કનકભાઈ, સીમા ને એની મમ્મી પણ હાજર રહ્યાં.સીમા પાસે ભેટ આપવા માટેનાં બે બોક્સ હતાં. એક એણે જાવેદને આપ્યું, એક એની નવેલી દુલ્હનને આપ્યું ત્યારે અબ્દુલભાઈની આંખમાં આંસુ તરવરતાં હતાં! જાવેદની પત્ની પણ સીમા સામે જોઈને મલકાઈ ને એની આંખ પણ છલકાઈ ગઈ!

(શીર્ષકપંક્તિઃ પરબતકુમાર નાયી)